**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૧/૧૨/૧૩ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૩૭૨૯/૧૩**

**ક્રાઇમ બ્રાન્ચ ઃ-**

**(૧)**

પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓએ શહેર વિસ્તારમાં હાલમાં બનતા અપહરણ ખુન લુંટ જેવા બનતા ગંભીર ગુન્હાઓને રોકવા તેમજ અમદાવાદ શહેરમાં થતી ગે.કા.ના શસ્ત્રોની હેરાફેરી અટકાવવા અને આવી પ્રવૃતિ કરતા ઇસમોને શોધી કાઢવા સારું આપેલ સુચનાઓ અનુસંધાને ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓ તથા પોલીસ કર્મચારીઓ અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન મળેલ ચોકકસ બાતમી હકિકત આધારે ઇકબાલખાન મુનાવરખાન પઠાણ ઉવ.૩૦ રહે.મકાન નંબર ૨૩, હુસેની ચોક પાસે, સુંદરનગર, અન્સારનગર, બાપુનગર, અમદાવાદનાને હાટકેશ્વર સર્કલ ચાર રસ્તા ખાતેથી જાહેરમાંથી એક દેશી હાથ બનાવટની પીસ્ટલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.આ પકડાયેલ આરોપીની ઝીણવટભરી પુછપરછ દરમ્યાન આરોપીએ આ હથિયાર અમદાવાદમાં પોતાના રહેઠાણ આજુબાજુમાં રહેતા લોકો સાથે થયેલ ઝઘડાના કારણે પોતાના સ્વરક્ષણ સારું રાખેલ હોવાની હકિકત જણાવે છે. પકડાયેલ આરોપી બાપુનગર પો.સ્ટે.માં મારામારીના ગુન્હામાં વોન્ટેડ હોય પોતાની ધરપકડ ટાળવા સારું નાસતો ફરતો હતો.તેમજ આરોપીની અગાઉ બાપુનગર પો.સ્ટે.માં કેમીકલથી દારુ બનાવવાના કેસમાં પકડાતા પાસા હેઠળ અટકાયત થયેલ છે.તે ઉપરાંત પણ આરોપી અગાઉ બાપુનગર પો.સ્ટે.માં મારામારીના ગુન્હાઓમાં પકડાઇ ચુકેલ છે.

**(૨)**

પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓએ શહેર વિસ્તારમાં હાલમાં બનતા હથિયારો બતાવી લુંટી લેવાના તેમજ અપહરણ તેમજ ખુન જેવા બનતા ગંભીર ગુન્હાઓને રોકવા તેમજ આવા ગુન્હાઓમાં ઉપયોગમાં લેવાતા ગે.કા.ના શસ્ત્રોની હેરાફેરી કરતા ઇસમોને શોધી કાઢવા અને તેઓ વિરુધ્ધમાં સખ્ત કાર્યવાહી કરવા સારું આપેલ સુચનાઓ અનુસંધાને ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓ તથા પોલીસ કર્મચારીઓ અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન મળેલ ચોકકસ બાતમી હકિકત આધારે નિઝામુદ્દિન ઝાબીરખાન પઠાણ ઉવ.૩૨ રહે.ઘાંચીની ચાલી, અલ્તાફભાઇના મકાનમાં, મચ્છી માર્કેટ, રખિયાલ રોડ, બાપુનગર, અમદાવાદ મુળ ગામ બિજુરગા તા.થાણા મણિયાવ જી.જોનપુર ઉત્તરપ્રદેશ નાને રખિયાલ ચાર રસ્તા ખાતેથી જાહેરમાંથી ત્રણ દેશી હાથ બનાવટના તમંચા, તથા જીવતા કારતુસો નંગ ૨, સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.આ પકડાયેલ આરોપીની ઝીણવટભરી પુછપરછ દરમ્યાન આરોપીએ આ હથિયારો પોતાના વતનના

ગામ પાસેના ગામ તીનમુડીયા, તા.થાણા મણિયાવ, જી.જોનપુર, ઉત્તરપ્રદેશ ખાતે રહેતા રાજમન યાદવ ની પાસેથી વેચાણથી લઇ આવેલ અને અમદાવાદમાં બાપુનગર અન્સારનગરમાં રહેતા પોતાના મિત્ર ઇકબાલખાન પઠાણ નાને તેના ઘરની આજુબાજુમાં રહેતા લોકો સાથે ઝઘડા તકરારો ચાલતી હોય જે પોતાનો મિત્ર હોય અને પોતે આ ઇકબાલ સાથે હરતો ફરતો હોય, જેથી પોતાના ઉપર કોઇ હુમલો કરશે તેવો ભય હોવાથી પોતાના સ્વરક્ષણ સારૂં એક હથિયાર પોતાની પાસે રાખનાર હતો જ્યારે અન્ય બે હથિયારોના ગ્રાહક શોધી વેચવાની પેરવીમાં હતો તે દરમ્યાન પકડાઇ ગયેલ છે.

**<u>ઇસનપુર પો.સ્ટે. :-</u>**

તા.૧૦.૧૨.૧૩ નારોજ પોસઇ.શ્રી વી.એચ.જાડેજા તથા સ્ટાફના માણસો પો.સ્ટે.વિસ્તારમા પેટ્રોલિગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૨૦.૧૫ વાગે ઘોડાસર ચાર રસ્તા પાસે આવતા સાથેના પો.કો.ભરતભાઇ જીવણભાઇ તથા એલ.આર. સહદેવસિંહ રાજેન્દ્રસિંહ નાઓને સંયુકત બાતમી મળેલ કે, ઇસનપુર પો.સ્ટે. ફસ્ટૅ ગુ.ર.નં.૨૭૪/૨૦૧૩ ઇપીકો કલમ ૩૯૪, ૩૬૫, ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના કામના આરોપી શકીલઅહેમદ ઉર્ફે ભુરીયો કે જેણે કોફી કલરનું જેકેટ તથા તેના સાથી આઝમ કે જેણે કાળા કલરનુ જેકેટ તથા બદામી કલરનુ પેન્ટ પહેરેલ છે.જે બંને ઇસમો કેડીલા બ્રીજના છેડા ઉપર ઉભેલ છે અને હાથ લાંબા કરી રિક્ષા ઉભી રખાવવાની કોશીશ કરે છે વિગેરે મતલબની બાતમી હકિકત આધારે વોચમાં રહેતા શકીલએહમદ ઉર્ફે ભુરીયા નાસીરએહમદ અંસારી ઉ.વ.૩૯ રહે.ડાહ્યાભાઇ કડીયાની ચાલી લાલમીલ સામે રખિયાલ અમદાવાદ શહેર તથા આઝમઅલી અઝગરઅલી અંસારી ઉવ.૩૫ રહે, ૧૮૩ પુજારીની ચાલી ચાર તોડા કબ્રસ્તાન પાસે ગોમતીપુર અમદાવાદનાનુ જણાવતો હોય બંન્નેની વારાફરતી ગુના સબંધે સઘન પુછપરછ કરતા જેઓ બન્ને ભાંગી ગયેલ હોય અને આ ગુનો પોતે તથા જાનમહંમદ ઉર્ફે કાલુ ફકીરમહંમદ શેખ રહે, ડાહ્યાભાઇ કડીયાનીચાલી લાલમીલ સામે રખિયાલ અમદાવાદ શહેર તથા યાસીન ઉર્ફે પપૈયો કુરેશી રહે, ગરીબનગર ચાર રસ્તા પાસેના છાપરા બાપુનગરનાઓ સાથે મળી એક છોકરાને પાંચેક દિવસ પહેલા ઓટો રિક્ષામાં બેસાડી ઘોડાસર ચાર રસ્તા પાસે સોનાની વીંટી તથા રૂ.૧૦૦૦/- લુંટી લીધેલાની કબુલાત કરતા સદરી બન્નેની અંગજડતી તપાસ કરતા કાંઇ ગુન્હાહીત મળી આવેલ નહિ. જેથી ઉપરોક્ત બન્ને આરોપીને સદર ગુન્હામાં તા.૧૦/૧૨/૨૦૧૩ ના કલાક ૨૧.૦૫ વાગે અટક કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.